૧. રચનાત્મક ડિઝાઇન, ૨. દિશા માર્ગદર્શન અને નિયંત્રણ પદ્ધતિ, ૩. ઇન્સ્ટ્રુમેન્ટેશન અને દૂરસંદેશાવ્યવહાર, ૪. ઉત્પાદન પદ્ધતિ

**પાત્રતા :** આ ક્ષેત્રમાં આગળ અભ્યાસ માટે નીચે મુજબની પાત્રતા અનિવાર્ય છે - બી.ઇ. - બી.ટેક. માટે ભૌતિક અને રસાણ વિજ્ઞાન તેમજ ગણિત સાથે ધોરણ-૧૨ કે તેની સમકક્ષ પરીક્ષામાં શ્રેષ્ઠ ટકાવારી જરૂરી છે. સારા માર્કસથી પાસ થનાર વિદ્યાર્થી એરોનોટિક્સ એન્જિનીયરીંગમાં બી.ટેક અથવા બી.ઇ. અથવા તો એરોનોટિક્સમાં ડિપ્લોમાની ડિગ્રી પ્રાપ્ત કરી શકે છે. એન્જિનીયરીંગ કૉલેજો તેમજ ટેકનીકલ સંસ્થાઓમાં આવા સ્નાતક અથવા અનુસ્નાતક અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. જ્યારે પોલીટેકનીક કૉલેજોમાં ડિપ્લોમા અભ્યાસક્રમ ઉપલબ્ધ હોય છે.

સ્નાતક માટેના બી.ઇ. કે બી.ટેક. અભ્યાસક્રમો માટેની પસંદગી ધોરણ ૧૨ કે સમકક્ષ પરીક્ષામાં મેરીટ અને આઇ.આઇ.ટી. દ્વારા સંચાલિત અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જે.ઇ.ઇ. ની સંયુક્ત પ્રવેશ પરીક્ષામાં મેળવેલા ગુણો ઉપર આધાર રહે છે.

એરોનોટિક એન્જિનીયરીંગમાં બી.ઇ. અથવા બી.ટેકની ડિગ્રી મેળવ્યા બાદ વિદ્યાર્થી નીચેની કોઈપણ શાખામાં એમ.ટેક. અથવા એમ.એસ.ની ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી શકે છે.

૧. વિમાન એન્જિનીયરીંગ, ૨. એરોસ્પેસ એન્જિનીયરીંગ, ૩. માસ્ટર ઑફ એન્જિનીયરીંગ - એવિયોનિક્સ, ૪. માસ્ટર ઑફ એન્જિનીયરીંગ - વિમાન એન્જિનીયરીંગ, ૫. વિમાન એન્જિનીયરીંગ માટે - પી.એચડી, ૬. એરોડાયનેમિક્સ, ૭. ડાયનેમિક્સ અને નિયંત્રણ ૮. એરોસ્પેસ પ્રોપલ્શન

**સમય મર્યાદા :** બી.ટેક - બી.ઇ.ની સ્નાતક અભ્યાસક્રમની સમય મર્યાદા ચાર વર્ષ છે જ્યારે ડિપ્લોમા - અભ્યાસક્રમ બે થી ત્રણ વર્ષના હોય છે. એમ.ટેક - એમ.એસ.ની મર્યાદા બે વર્ષની છે.

**કાર્યની રૂપરેખા :** એરોમેટિક અને એરોસ્પેસ ઉદ્યોગ ઇજનેરો, વૈજ્ઞાનિકો અને ટેકનીશીયનથી લઈને વ્યવસ્થાપને લગતી વિવિધ કારકિર્દીની તકો પૂરી પાડે છે. એરોસ્પેસ ઉદ્યોગમાં કુશળ માનવ સંસાધનની ટીમ તૈયાર કરવા માટે માનવ સંસાધનની ટીમ અને વ્યવસ્થાપનમાં પણ કારકિર્દીની તકો રહેલી છે. આ ક્ષેત્રમાં નીચે પ્રમાણેના કાર્યોનો સમાવેશ થાય છે.

એરોસ્પેસ ડિઝાઇન, વિમાન એન્જિનીયરીંગ, વિમાન ઉત્પાદન અને વ્યવસ્થાપન, થર્મલ ડિઝાઇન એન્જિનીયર

**સંશોધન અને વિકાસ :** સંશોધન ક્ષેત્રે રસ ધરાવતાં લોકો માટે આ ક્ષેત્રમાં ઉપગ્રહ પ્રક્ષેપણયાન કે ફાઇટર હવાઈ જહાજ કે આધુનિક ટર્બાઇન વગેરેની નવી ડિઝાઇન તૈયાર કરવાનું કામ કરી શકે છે. આ ક્ષેત્રમાં કુશળ માનવ સંશાધન ટીમ તૈયાર કરવા માટે વ્યવસ્થાપન ટીમમાં પણ જોડાઈ શકાય છે. સંશોધન અને વિકાસના ક્ષેત્રમાં અનેક તકો રહેલી છે જે એરોનોટીક્સ અને એરોસ્પેસ એન્જીનીયરો માટે મહત્વપૂર્ણ બની રહે છે.

**એરોનોટીક એન્જિનીયર અને તકો :** વિમાન સેવા ક્ષેત્ર હવે રાષ્ટ્રી, આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓ ઉપલબ્ધ છે તેમાં સરકારી અને ખાનગી કંપનીઓ પણ સક્રીય છે.

એર ઇન્ડીયા, હેલીકોપ્ટર્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, ફ્લાઇંગ ક્લબ, ખાનગી એરલાઇન્સ કંપનીઓ, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ તેમજ બેંગ્લોર, નાસિક, કોરાપુર, કાનપુર વગેરે સ્થળોએ તેના ઉત્પાદન કેન્દ્રો અને સંશોધન કેન્દ્રો રાષ્ટ્રીય વિમાન પ્રયોગશાળા, નાગરિક ઉડ્ડયન મંત્રાલય, એરલાઇન્સ ઉદ્યોગના સંગઠનો વગેરેમાં કારકિર્દીના અવસરો ઉભા થાય છે.

**મોટા નોકરીદાતાઓ** - આ ક્ષેત્રમાં જે મોટી કંપનીઓ સૌથી વધુ રોજગારના અવસરો પૂરા પાડે છે તેમાં નીચેની કંપનીઓ સામેલ છે -

પવનહંસ લિમિટેડ, હેલિકોપ્ટર્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા, નાસા, રાષ્ટ્રીય એરોસ્પેસ પ્રયોગશાળા, એર ઇન્ડિયા, એરબસ, જેટ એરવેઝ

ભારત સરકારના મેઇક ઇન ઇન્ડિયા કાર્યક્રમને પગલે આ ક્ષેત્રમાં વધુ નવી કંપનીઓ અને રોજગારમાં ઘણી વૃદ્ધિ થવાની સંભાવના છે.

સી.આઇ.આઇ.ના એક અભ્યાસ અનુસાર ભારતમાં વિમાનોના સમારકામ, રાખરખાવ અને સંપૂર્ણ સેવાનું ક્ષેત્ર આગામી ૨૦૨૦ સુધીમાં વધીને ૨.૬ અબજ ડોલર સુધી પહોંચવાની ધારણા છે.

**અભ્યાસક્રમ માટે સંસ્થાઓ :-**

ચેન્નાઇ, મુંબઈ, કાનપુર અને ખડગપુર ખાતેની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી સંસ્થાઓ.

પંજાબ એન્જિનીયરીંગ કૉલેજ - ચંદીગઢ

- મદ્રાસ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ - બેંગલોર
- ભારતીય અંતરીક્ષ વિજ્ઞાન અને ટેકનોલોજી સંસ્થા
- હિન્દુસ્તાન યુનિવર્સિટી
- એમીટી એરોસ્પેસ એન્જિનીયરીંગ એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ, ઉત્તરપ્રદેશ
- પેટ્રોલીયમ અને ઊર્જા અભ્યાસ વિશ્વ વિદ્યાલયની દેશભરની કૉલેજો
- ભારતીય એરોનોટિક્સ એન્જિનીયરીંગ સંસ્થા - દહેરાદૂન
- એસ. આર. એન. યુનિવર્સિટી, ચેન્નાઈ
- બી. એસ. એન. એરોસ્પેસ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી સંસ્થા - બેંગલોર
- હિન્દુસ્તાન ટેકનોલોજી એન્ડ સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, ચેન્નાઈ.

**ગુજરાતમાં શૈક્ષણિક સંસ્થાઓ :-**

- સરદાર વલ્લભભાઈ પટેલ ટેકનોલોજી ઇન્સ્ટિટ્યુટ, વલસાડ
- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, જીટીયુના અભ્યાસક્રમો
- ગુજરાત ઇન્સ્ટિટ્યુટ ઓફ એરોનોટિકલ એન્ડ ટેલીકોમ્યુનીકેશન એન્જિનીયરીંગ.
- અમદાવાદ ઇન્સ્ટિટ્યુટ ઓફ એરોનોટીકલ એન્જિનીયરીંગ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી
- વેસ્ટર્ન ઇન્ડીયા ઇન્સ્ટિટ્યુટ ઓફ એરોનોટિક્સ, અમદાવાદ
- સ્કૂલ ઓફ એરોનોટિક્સ, દ્વારકા
- ઇન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વારા ઓન કેમ્પસ પદ્ધતિથી એરોનોટિક્સ એન્જિનીયરીંગના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

(સૌજન્ય : એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ)— અનુવાદ : આરતી પંડ્યા ●

*(અનુસંધાન પાન નં. ૨નું ચાલુ)*

❑ **(Vacancy No. 16020316313)**

**Fifteen Assistant Professors in Mathematics in** Government Arts & Science Colleges/Kanchi Mamunivar Centre for Post Graduate Studies in the U.T. of Puducherry, Government of Puducherry Directorate of Higher and Technical Education, Puducherry (SC-02, ST-01, OBC04 & UR-08). Of the fifteen posts, one post is reserved for Physically Challenged Persons with disability viz. Orthopaedically Handicapped/Locomotor Disability/ Cerebral Palsy with Both Legs Affected but not Arms **(BL) or** One Leg Affected (Right or Left) **(OL) or** One Arm Affected (Right or Left) **(OA).**

❑ **(Vacancy No. 16020317313)**

**Seventeen Assistant Professors in Physics** in Government Arts & Science Colleges/Kanchi Mamunivar Centre for Post Graduate Studies in the U.T. of Puducherry, Government of Puducherry Directorate of Higher and Technical Education, Puducherry (SC-02, ST-01, OBC-05 & UR-09). Of the seventeen posts, one post is reserved for Physically Challenged Persons with disability viz. Orthopaedically Handicapped/Locomotor Disability/ Cerebral Palsy with One Leg Affected (Right or Left) **(OL) or** One Arm Affected (Right or Left) **(OA) or** Both Legs and Both Arms Affected **(BLA) or** One Leg and One Arm Affected **(OLA).**

❑ **(Vacancy No. 16020318313)**

**Two Assistant Professors in Politics** in Government Arts & Science Colleges/Kanchi Mamunivar Centre for Post Graduate Studies in the U.T. of Puducherry, Government of Puducherry Directorate of Higher and Technical Education, Puducherry (OBC-01 & UR-01).

❑ **(Vacancy No. 16020319313)**

**Four Assistant Professors in Tamil** in Government Arts & Science Colleges/Kanchi Mamunivar Centre for Post Graduate Studies in the U.T. of Puducherry, Government of Puducherry Directorate of Higher and Technical Education, Puducherry (SC-01, OBC-01 & UR-02). Of the four posts, one post is reserved for Physically Challenged Persons with disability viz. Blindness or Low Vision {Blind (B) or Partially Blind (PB)}.

❑ **(Vacancy No. 16020320313)**

**One Assistant Professors** in Tourism in Government Arts & Science Colleges/Kanchi Mamunivar Centre for Post Graduate Studies in the U.T. of Puducherry, Government of Puducherry Directorate of Higher and Technical Education, Puducherry (UR-01).

❑ **(Vacancy No. 16020321313)**

**Seven Assistant Professors** in Zoology in Government Arts & Science Colleges/Kanchi Mamunivar Centre for Post Graduate Studies in the U.T. of Puducherry, Government of Puducherry Directorate of Higher and Technical Education, Puducherry (SC-01, OBC-02 & UR-04). Of the seven posts, one post is reserved for Physically Challenged Persons with disability viz. Orthopaedically Handicapped/Locomotor Disability/Cerebral Palsy with One Leg Affected (Right or Left) **(OL) or** One Arm Affected (Right or Left) **(OA) or** Both Legs and Both Arms Affected **(BLA) or** One Leg and One Arm Affected **(OLA).**

❑ **IMPORTANT**

CLOSING DATE FOR SUBMISSION OF ONLINE RECRUITMENT APPLICATION (ORA) THROUGH ORA WEBSITE IS **23:59 HRS ON 03.03.2016.**

THE LAST DATE FOR PRINTING OF COMPLETELY SUBMITTED ONLINE APPLICATION IS UPTO **23:59 HRS ON 04.03.2016.**

The candidates willing to apply of the above posts are advised to visit. Commission's ORA website http://www.upsconline.nic.in. The detailed advertisement along with 'Instructions and Additional Information to Candidates for Recruitment by sections has been displayed on commission's website http://www.upsc.gov.in as well as the Online Recruitment Application (ORA) website http://www.upsconline.nic.in ●

## અન્ય જાહેરખબર

- **સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ**
  **જગ્યાનું નામ** : લેબોરેટરી એટેન્ડન્ટ
  **જગ્યાની સંખ્યા** : ૮
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૨-૩-૨૦૧૬
- **સાઉથ સેન્ટ્રલ રેલવે**
  **જગ્યાનું નામ** : સ્કાઉન્ટ એન્ડ ગાઈડ ક્વોટામાં ભરતી
  **જગ્યાની સંખ્યા** : ૧૪
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૩-૩-૨૦૧૬
- **ઈન્ડિયન ઓઈલ : દિગ્બોઈ (અસમ)**
  **જગ્યાનું નામ** : જુનિ. એન્જિનિયરીંગ આસિસ્ટન્ટ (પ્રોડકશન, પાવર એન્ડ યુટિલીટી, ઈન્સ્ટુમેન્ટેશન), જુનિ. મટીરીયલ્સ આસિસ્ટન્ટ
  **જગ્યાની સંખ્યા** : ૧૬
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૨૬-૨-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.iocl.com
- **પાવર ફિનાન્સ કોર્પોરેશન લિમિટેડ : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : ડેપ્યુટી મેનેજર (પબ્લિક રિલેશન, ટેકનિકલ, ગ્રીન એનર્જી), આસિસ્ટન્ટ મેનેજર (ફિનાન્સ, ટેકનિકલ), ઓફિસર (એમ.એસ, સિવીલ એન્જિનિયરીંગ)
  **જગ્યાની સંખ્યા** : ૧૧
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૨૯-૨-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.ptcindia.com
- **૪૨ સીઓવાય એએસસી (સપ્લાલ) ટાઈપ-સી : બરેલી**
  **જગ્યાનું નામ** : ફાયરમેન, ફાયરમેન એન્જિન
  **જગ્યાની સંખ્યા** : ૧૯
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૩-૩-૨૦૧૬
- **આઈસીએઆર-ઈન્ડિયન વેટરનરી રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ : બરેલી**
  **જગ્યાનું નામ** : ટેકનીશયન, સિનિયર ટેકનીકલ આસિસ્ટન્ટ, ટેકનીકલ આસિસ્ટન્ટ
  **જગ્યાની સંખ્યા** : ૧૧૬
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૮-૩-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.ivri.nic.in
- **કોચીન શીપયાર્ડ લિમિટેડ : કોચી**
  **જગ્યાનું નામ** : આસિસ્ટન્ટ મેનેજર (ફિનાન્સ), એક્ઝીક્યુટીવ ટ્રેઈની (ફિનાન્સ, કંપની સેક્રેટરી)
  **જગ્યાની સંખ્યા** : ૭
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૪-૨-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.cochinshipyard.com
- **ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : સ્ટેનોગ્રાફર, કોમ્પ્યુટર ઓપરેટર, લોઅર ડિવિઝન કલાર્ક, પટાવાળા
  **જગ્યાની સંખ્યા** : ૧૭
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૨-૩-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.dciindia.org.in
- **શહીદ રાજગુરુ કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ ફોર વિમેન : દિલ્હી**
  **જગ્યાનું નામ** : પ્રોગ્રામ, સિનિ. પર્સોનલ આસિસ્ટન્ટ, સિનિ. ટેકનિકલ આસિસ્ટન્ટ, ટેકનિકલ આસિસ્ટન્ટ, લેબોરેટરી આસિસ્ટન્ટ, એમટીએસ લેબોરેટરી, એમટીએસ લાયબ્રેરી, એમટીએસ
  **જગ્યાની સંખ્યા** : ૩૨
  **ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૪-૩-૨૦૧૬
  **વેબ સાઈટ** : http://rajgurucollege.com
- **નોર્થ ઈસ્ટર્ન ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પો. લી. : ગોહાતી**
  **જગ્યાનું નામ** : આસી. મેનેજર
  **જગ્યાની સંખ્યા** : ૮
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૪-૩-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.nedfi.com

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૧૩-૨-૨૦૧૬)**

# ઓનલાઈનના યુગમાં કારકિર્દીની તકો : ૨

**રોજગારની આસપાસ**

રાજેન્દ્ર ઉપાધ્યાય

આજના અત્યાધુનકિ ઓન-લાઈન યુગમાં ઈ-કોમર્સ તેમજ એમ-કોમર્સના ક્ષેત્રોમાં વેબસાઈટ/મોબાઈલ એપ્સ ડેવલપર, U.I. (User Interface) ડીઝાઈનર, ઈ-કોમર્સ સ્ટ્રેટેજીસ્ટ/કન્સલ્ટન્ટ તેમજ S.E.O. (Search Engine Optimisation) એક્ઝિક્યુટીવ વગેરે અંગેની રોજગારીની તકો જોયા બાદ આજે આ લેખમાં B.D.E. (બિઝનેસ ડેવલપમેન્ટ એક્ઝિક્યુટીવ), Q.A. (Quality Assurance) એક્ઝિક્યુટીવ, V.A.P.T. (Vulnerability Assessment & Penetration Testing એક્ઝિક્યુટીવ, I.S. (Information System) ઓડિટ એક્ઝિક્યુટીવ, ડેટા એનાલિટીક્સ એક્ઝિક્યુટીવ તેમજ સર્વિસ સપોર્ટર જેવી અન્ય રોજગારીની તકો જોઈશું.

**કારકિર્દીનું નામ :** B.D. (Business Development) એક્ઝિક્યુટીવ

**કારકિર્દીની ટૂંકી માહિતી :** અત્યારની દેશની ઘણી I.T. કંપનીઓના કલાયન્ટ દેશને બદલે અમેરિકા, યુ.કે. જેવા દેશોમાં પણ હોય છે. તેઓને આકર્ષવા માર્કેટીંગ મેનેજર ટ્રેડીશનલને બદલે ટેકનોક્રેટ હોવા જરૂરી છે, કે જેઓ પાસે માનવ સંસાધન (H.R. - Human Resource) નું જ્ઞાન હોવા ઉપરાંત ટેકનોલોજીનું પણ જ્ઞાન હોવું જરૂરી છે. તેઓ પોતાની કંપનીને જરૂરી બિઝનેસ લાવી આપે, તે જરૂરી છે. તેઓ કલાયન્ટ મિર્ટીંગ માટે વિદેશો પણ જવાનું હોય છે. આથી અહીં સામાન્ય M.B.A ને બદલે M.B.A (IT) થયેલાઓની જરૂરિયા રહે છે. B.B.A કે B.C.A કર્યા બાદ યોગ્ય રોજગારીની તક ન મળે તો તેવા સ્ટુડન્ટને B.D.E બનવા તરફ વિચારવું જોઈએ. તે જ પ્રમાણે B.E./B.Tech. (કમ્પ્યૂટર) કરેલાઓ તેમજ P.G.D.C.A. કરનારાઓ પણ આ અંગે વિચારણા કરી શકે.

**અભ્યાસક્રમનું નામ :** M.B.A ઈન ઈન્ફર્મેશન ટેકનોલોજી

**અભ્યાસક્રમની ફી :** અંદાજિત રૂ. ૧,૦૦,૦૦૦/-

**અભ્યાસક્રમની મુદત :** ૨ વર્ષ, ખાસ કિસ્સાઓમાં જે તે યુનિવર્સિટીમાંથી જ અન્ય વિષયમાં M.B.A. કર્યું હોય, તો ૧ વર્ષ.

**અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન :** રૂ. ૨૫,૦૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦

**કારકિર્દીનું નામ :** Q.A. (Quality Assurance) એક્ઝિક્યુટીવ

**કારકિર્દીની ટૂંકી માહિતી :** વેબસાઈટ એપ્સ/મોબાઈલ એપ્સ ડેવલપર દ્વારા તૈયાર કરેલ સોફ્ટવેરમાં કોઈ ક્ષતિ રહી ન જાય, તેના માટે જરૂરી ટેસ્ટીંગ કરીને તેને ભૂલ પ્રુફ બનાવવાનું કાર્ય Q.A. એક્ઝિક્યુટીવનું છે. ટેકનોલોજીકલ નોલેજ ધરાવતા આ ક્ષેત્રમાં ફ્રોડ થવાની શક્યતા ઘટી જાય છે.

**અભ્યાસક્રમનું નામ :** સર્ટિફિકેટ ઈન ક્વોલિટી એસ્યોરન્સ

**અભ્યાસક્રમની ફી :** રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦/-

**અભ્યાસક્રમની મુદત :** ૨ માસ

**અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન :** રૂ. ૮,૦૦૦ થી રૂ. ૧૨,૦૦૦ થી શરૂઆત ત્યારબાદ ૨ થી ૫ વર્ષોના અનુભવ બાદ પરફોર્મન્સને આધારે રૂ. ૫૦,૦૦૦ સુધી થઈ શકે.

**કારકિર્દીનું નામ :** V.A.P.T. (Vulnerability Assessment & Penetration Testing) એક્ઝિક્યુટીવ

**કારકિર્દીની ટૂંકી માહિતી :** વેબસાઈટ/મોબાઈલ એપ્સ બની ગયા બાદ, તેની નબળાઈઓ શોધીને તેને મહત્તમ લેવલ સુધી ટેસ્ટ કરીને તે ક્યારે ક્રેશ થાય, તે શોધવાનું કાર્ય આવા V.A.P.T. એક્ઝિક્યુટીવનું છે. તેઓ સિક્યોરિટી અંગે રહી ગયેલી ભૂલોને શોધી કાઢે છે.

ઉપરોક્ત V.A.P.T. એક્ઝિક્યુટીવના કાર્યને જાણીને તમને કદાચ પ્રશ્ન થશે કે આ જ પ્રકારનું કાર્ય અગાઉ ચર્ચી ગયેલ Q.A. (ક્વોલિટી એસ્યોરન્સ) એક્ઝિક્યુટીવનું પણ છે. તો પછી Q.A. એક્ઝિક્યુટીવ અને આ V.A.P.T. એક્ઝિક્યુટીવ વચ્ચેનો ફરક શો ? તો અહીં એ સ્પષ્ટતા જરૂરી છે કે Q.A. (ક્વોલિટી એસ્યોરન્સ) એક્ઝિક્યુટીવ વેબસાઈટ એપ્સ કે મોબાઈલ એપ્સને માત્ર પ્રોસેસીંગના દ્રષ્ટિકોણથી જ જુએ છે. મતલબ આઉટપુટ બરાબર છે કે, કેમ તે ચકાસવાનું કાર્ય કરે છે. જ્યારે V.A.P.T. (વર્નાબેલિટી એસેસમેન્ટ એન્ડ પેનીટ્રેશન ટેસ્ટીંગ) એક્ઝિક્યુટીવ મોબાઈલ એપ્સ તેમજ વેબસાઈટ એપ્સને તેના સિક્યોરિટીના દ્રષ્ટિકોણથી ચકાસે છે.

**અભ્યાસક્રમનું નામ :** સર્ટિફિકેટ ઈન V.A.P.T.

**અભ્યાસક્રમની ફી :** રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦/-

**અભ્યાસક્રમની મુદત :** ૨ થી ૬ માસ

**અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન :** શરૂઆતમાં રૂ. ૨૫,૦૦૦ માસિકથી શરૂ કરીને બે-ત્રણ વર્ષોના અનુભવ, કંપનીની જરૂરિયાત, કેન્ડીડેટના પરફોર્મન્સને આધારે આ પ્રારંભિક વેતન વધી જઈ શકે છે.

**કારકિર્દીનું નામ :** I.S. Audit. (Information System Audit) એક્ઝિક્યુટીવ

**કારકિર્દીની ટૂંકી માહિતી :** મોટા કોર્પોરેટ હાઉસ જેવા કે M.N.C. (મલ્ટીનેશનલ/બહુરાષ્ટ્રીય કંપનીઓ)માં આ પ્રકારની રોજગારીની તકો સવિશેષ રહે છે. આવી કંપનીઓમાં રહેલી અલગ-અલગ ઈન્ફર્મેશન સિસ્ટમનું ઓડિટ કરવાનું કાર્ય આવા I.S. ઓડિટ એક્ઝિક્યુટીવનું હોય છે.

મોટા કોર્પોરેટ હાઉસમાં ફાઈનાન્સીયલ સોફ્ટવેર, માર્કેટિંગ/ સેલ્સ સોફ્ટવેર, એકાઉન્ટીંગ સોફ્ટવેર વગેરે વિવિધ પ્રકારની ઈન્ફર્મેશન સિસ્ટમ રહેલી હોય છે. આ બધી ઈન્ફર્મેશન સિસ્ટમનું ઓડિટ કરીને તેમાં ક્યા ક્યા કંટ્રોલ મિર્સીંગ છે. તે શોધવાનું કાર્ય આવા I.S. ઓડિટ એક્ઝિક્યુટીવનું હોય છે.

I.S. ઓડિટ એક્ઝિક્યુટીવ ઈન્ફર્મેશન સિસ્ટમમાં રહેલા મિસીંગ કંટ્રોલને શોધીને કંટ્રોલને મજબૂત બનાવવા મૂકેલા અંકુશો બરાબર છે, કે કેમ તે ચકાસે છે.

**અભ્યાસક્રમનું નામ :** સર્ટિફિકેશન / ડિપ્લોમા ઈન I.S.Audit

**અભ્યાસક્રમની અંદાજીત ફી :** આ અભ્યાસક્રમ વૈશ્વિક કક્ષાનો હોવાથી તેની અંદાજિત ફી અમેરિકન ડોલરમાં ૭૦૦ ગણી શકાય.

**અભ્યાસક્રમની મુદત :** ૬ થી ૧૨ માસ

**અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન :** ભારતીય ચલણમાં રૂ. ૨૫,૦૦૦ થી રૂ. ૩૦,૦૦૦/-

**કારકિર્દીનું નામ :** ડેટા એનાલિટીક્સ એક્ઝિક્યુટીવ

**કારકિર્દીની ટૂંકી માહિતી :** મોટા રીટેઈલ ચેઈનનાં રોજના લાખોની સંખ્યામાં નાના-મોટા ટ્રાન્ઝેકશન થતા હોય છે. તેના ડેટાને ડેટા એનાલિટીક્સ કંપનીઓને આપવામાં આવે છે. ડેટા એનાલિટીક્સ એક્ઝિક્યુટીવ આવા ડેટાઓનું રિસર્ચ કરી, તેનું એનાલિસીસ કરવાનું કાર્ય હાથ ધરે છે. આવા એનાલિસીસ પરથી જે તે દિવસોમાં કઈ પ્રોડક્ટનું સેલ્સ વધ્યુ/ઘટ્યુ ? કઈ પ્રોડક્ટનું વેચાણ ક્યા સમયમાં વધારે તેમજ ઓછું થાય છે વગેરે વિગતો શોધીને તેને રિપોર્ટ તૈયાર કરીને આવી રિટેઈલ ચેઈનને સોંપવામાં આવે છે.

રિટેઈલ ચેઈન આવા રિપોર્ટને આધારે સ્ટ્રેટેજી બનાવે છે. ડેટા એનાલિટીક્સ એક્ઝિક્યુટીવનું ભાવી આજના યુગમાં ઉજ્જવળ હોવાનું અંદાજવામાં આવે છે.

**અભ્યાસક્રમનું નામ :** સર્ટિફિકેશન / ડિપ્લોમા ઈન ડેટા એનાલિટીક્સ

**અભ્યાસક્રમની અંદાજીત ફી :** રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦

**અભ્યાસક્રમની મુદત :** ૬ થી ૧૨ માસ

**અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન :** રૂ. ૨૫,૦૦૦ થી રૂ. ૩૦,૦૦૦/- માસિક.

**કારકિર્દીનું નામ :** સર્વિસ સપોર્ટર્સ

**કારકિર્દીની ટૂંકી માહિતી :** કોલ સેન્ટરોમાં જેમ કોલ રિસીવ કરવાનું તેમજ ગાઈડન્સ કે માહિતી આપવાનું કાર્ય હાથ ધરવામાં આવે છે, તેમ અહીં પણ લગભગ આ પ્રકારનું જ કાર્ય હાથ ધરવામાં આવે છે. ગ્રાહકે કરેલા ઓનલાઈન શોપીંગ બાદ કંઈપણ તકલીફ પડે, તો તેને 24 x 7 સર્વિસ સપોર્ટ મળી રહે, તેવા શુભ આશયથી કંપની દ્વારા આવી આફટર સર્વિસ પ્રોવાઈડ કરવામાં આવે છે.

જો કે ઉમેદવારોએ ધ્યાન રાખવું પડે, કે અહીં દર અઠવાડિયામાં ઓછામાં ઓછી એક વખત તો નાઈટશીફ્ટ કરવી જ પડે છે તેટલું જ નહીં પણ ૧૨ અઠવાડિયે એક દિવસ રજા તો મળે જ છે, પરંતુ જોઈતા દિવસની રજા ન પણ મળે, તેવું પણ શક્ય છે, વળી રજાનો દિવસ પણ દર અઠવાડિયે બદલાતો જ રહે છે.

**અભ્યાસક્રમનું નામ :** સર્ટિફિકેશન ઈન સર્વિસ સપોર્ટ

**અભ્યાસક્રમની અંદાજીત ફી :** રૂ. ૧૦,૦૦૦

**અભ્યાસક્રમની મુદત :** ૧ માસ

**અભ્યાસક્રમ બાદ મળતી રોજગારીનું અંદાજિત વેતન :** રૂ. ૧૫,૦૦૦/- માસિકથી શરૂઆત.

આમ, ઉપરોક્ત ઈ-કોમર્સ/એમ-કોમર્સ ક્ષેત્રે જોવા મળતા ટૂંકાગાળાના અભ્યાસક્રમો છે. આ અભ્યાસક્રમોની ફી પ્રમાણમાં ઓછી, અભ્યાસક્રમનો સમયગાળો ઓછો, પરંતુ ઝડપી રોજગારી અપાવે તેવા હોવાથી, તેને 'ચટ મંગની પટ્ટ બ્યાહ' જેવા અભ્યાસક્રમો ગણાવી શકાય. આમ છતાંયે B.C.A. (બેચલર ઈન કમ્પ્યૂટર એપ્લિકેશન), D.C.A. (ડિપ્લોમા ઈન કમ્પ્યૂટર એપ્લિકેશન), P.G.D.C.A. (પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન કમ્પ્યૂટર એપ્લિકેશન), B.E. (કમ્પ્યૂટર), B.Sc. (I.T. ઈન્ફર્મેશન ટેકનોલોજી), M.Sc. (I.T.ઈન્ફર્મેશન ટેકનોલોજી) જેવા અભ્યાસક્રમોની સાથો સાથ આવા અભ્યાસક્રમો કરવાથી વધુ લાભ મળી શકે છે. અને જો ઈ-કોમર્સ/એમ-કોમર્સનો જ વિશેષ અભ્યાસક્રમ કરવો હોય, તો નોંધી લ્યો વિગતો ...

**અભ્યાસક્રમનું નામ :** B.B.A. (ઓનર્સ - IT Managemet)

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ (૬ સેમેસ્ટર) નો ફુલ ટાઈમ અભ્યાસક્રમ, અભ્યાસક્રમની ફી : રૂ. ૪૫,૦૦૦ વાર્ષિક, અભ્યાસક્રમના પ્રવેશ માટેની લઘુત્તમ લાયકાત : HSC/ ધો. ૧૨ પાસ (કોઈપણ પ્રવાહ). અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાનો સંપર્ક : C.V.M. (ચારુતર વિદ્યામંડળ) સંચાલિત UGC માન્ય સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત SEMCOM શાસ્ત્રી મેદાનની સામે, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦. ટેલિફોન નં. : ૦૨૬૯૨-૨૩૧૮૧૧, ૦૨૬૯૨-૨૩૫૬૨૪. ઈમેઈલ : director@semcom.ac.in વેબસાઈટ : www.semcom.ac.in

# Metro Link Express for Gandhinagar and Ahmedabad (MEGA) Company Limited

## (A SPV of GOI and GOG)

**RECRUITMENT NOTIFICATION FOR APPOINTMENT ON CONTRACTBASIS** Metro Link Express for Gandhinagar and Ahmedabad (MEGA) Co. Limited is a 50:50 Special Purpose Vehicle (SPV) jointly owned by Government of India and Government of Gujarat is entrusted with the responsibility of implementation of Ahmedabad Metro Rail Project Phase 1.

**MEGA invites applications from qualified and experienced candidates for appointment of key senior, middle / junior level management positions. The following posts / appointments will be only on "Contract" with min.3 years to 5 years, on standard terms & conditions of the Organization.**

| Sr. No. | Post | Pay | No. of Posts | Minimum Years of Experience | Age Limit (Max.) as on date of Advertisement |
|---|---|---|---|---|---|
| 1 | General Manager (Underground Construction) | Rs. 200000/- to Rs. 225000/- Per Month. | 1 No. | 20 | 58 Years |
| 2 | Assistant General Manager (Design) | Rs. 75000/- to Rs. 100000/- Per Month. | 1 No. | 10 | 45 Years |
| 3 | Assistant General Manager (Track) | Rs. 75000/- to Rs. 100000/- Per Month. | 1 No. | 10 | 45 Years |
| 4 | Assistant General Manager (Depot) | Rs. 75000/- to Rs. 100000/- Per Month. | 1 No. | 10 | 45 Years |
| 5 | Senior Manager – Platform Screen Doors(PSD) | Rs. 65000/- to Rs. 80000/- Per Month. | 1 No. | 9 | 40 years |
| 6 | Senior Manager – Automatic Fare Collection (AFC) | Rs. 65000/- to Rs. 80000/- Per Month. | 1 No. | 9 | 40 years |
| 7 | Assistant Manager - Platform Screen Doors(PSD) | Rs. 25000/- to Rs. 40000/- Per Month. | 1 No. | 3 | 30 Years |
| 8 | Assistant Manager – Automatic Fare Collection (AFC) | Rs. 25000/- to Rs. 40000/- Per Month. | 1 No. | 3 | 30 Years |
| 9 | Assistant General Manager (Underground – E&M) | Rs. 75000/- to Rs. 100000/- Per Month. | 1 No. | 10 | 45 Years |
| 10 | Assistant General Manager (Lift & Escalator) | Rs. 75000/- to Rs. 100000/- Per Month. | 1 No. | 10 | 45 Years |
| 11 | Senior Manager – Adm.& Log. | Rs. 65000/- to Rs. 80000/- Per Month. | 1 No. | 9 | 40 years |
| 12 | Manager (E&M - Depot) | Rs. 50000/- to Rs. 65000/- Per Month | 1 No. | 7 | 38 years |
| 13 | Assistant Manager – E&M | Rs. 25000/- to Rs. 40000/- Per Month. | 2 Nos. | 3 | 30 Years |

Apart from the pay, other benefits will also be paid as per the Company Policy. Age may be relaxed for exceptional candidates having relevant experience in Metro Rail Project.

❑ **QUALIFICATION AND EXPERIENCE:**

**Sr. No.1: General Manager (Underground Construction) – No. of posts 1 (One)** Candidate must be B.E/B.Tech (Civil) engineering graduate having minimum 20 years of Post Qualification experience in large infra project execution environment, out of which 7 years in Metro underground construction including with deep excavation support systems, design / construction of underground civil structures, underground stations, design & construction of tunnel by TBM, C&C methods. Experience in top-down & bottom up station construction methodology in urban locations is required. Should have worked for 3 years in the position of GM or one rank below GM or HoD. Candidate must be familiar with management of contracts relating to the large infrastructure projects. Quality Control & Assurance System in civil construction, Safety Implementation, Programme Monitoring, IS / International Codes for construction of civil underground structures is desirable.

**Sr. No.2: Assistant General Manager (Design) – No. of posts 1 (One)** Candidate must be a B.E / B. Tech (Civil) engineering graduate having minimum 10 years of Post Qualification structural design experience, out of which 4 years in detailed structural design of Metro Viaduct, Pile Foundation, PSC Box Girders, I Girders, diaphragm walls for Metro Rail Viaducts and Stations. He / She shall be responsible to review detailed designs & drawings submitted by Detailed Design Consultants (DDC) and further responsible for Design Coordination with DDC, GEC, Professional Consultants and Construction Departments. Preference will be given to Designer having work experience on Design Software's like STAAD, E-tab, Strap etc., He / She should have sound knowledge of IS, IRS, RDSO guidelines and other relevant codes to design above components.

**Sr. No.3: Assistant General Manager (Track) – No. of posts 1 (One)** Candidate must be a B.E / B. Tech (Civil) engineering graduate having minimum 10 years of Post Qualification experience, out of which 4 years in design and construction of Metro Rail / Railway track / track components procurement / planning construction and should be well versed with long welded design and specifications. Shall be incharge of all track related works and will assist the GM / Chief Engineers and / Or DGM / Dy.Chief Engineers in track procurement, design & planning and track construction & maintenance. Candidate should have experience and knowledge of inter-face with Railway related disciplines such as signaling, traction and rolling stock, etc.

**Sr. No.4: Assistant General Manager (Depot) – No. of posts 1 (One)** Candidate must be a B.E / B. Tech (Civil) engineering graduate having minimum 10 years of Post Qualification construction experience, out of which 4 years in planning and construction of Depots of Metro Rail / Railway workshop / loco shed/ large industrial unit with pre-fabricated steel structure. Must have completed construction of one Metro Rail Depot. Shall be responsible for planning, procurement, contract management and will be overall responsible for supervision and monitoring of Construction works of Depot. Candidate should have experience and knowledge of inter-face with Railway related disciplines such as track laying works, signaling, electrification and rolling stock, etc.

**Sr. No.5: Senior Manager –Platform Screen Doors (PSD) – No. of posts 1 (One)** Candidate must be B.E/ B.Tech (Electronics /Communications /Mechanical / Electrical) engineering graduate having minimum 9 years post qualification experience, out of which 5 years experience in installation / testing / commissioning / operations of Platform Screen Door systems in any Metro Rail/ LRT / Suburban Rail/ Road transport etc. is essential. Candidates with Metro Rail Project experience will be preferred.

**Sr. No.6: Assistant Manager –Platform Screen Doors (PSD) – No. of posts 1 (One)** Candidate must be B.E/B.Tech (Electronics /Communications / Mechanical / Electrical) engineering graduate having minimum 3 years post qualification experience, out of which 2 years experience in installation / testing / commissioning / operations of Platform Screen Door systems in any Metro Rail/ LRT / Suburban Rail/ Road transport etc. is essential. Candidates with Metro Rail Project experience will be preferred.

**Sr. No.7: Senior Manager –Automatic Fare Collection (AFC) – No. of posts 1 (One)** Candidate must be B.E/B.Tech (Electronics /Communications / Computer Science / Electrical) engineering graduate having minimum 9 years post qualification experience, out of which 5 years experience in installation / testing / commissioning / operations of Automatic Fare Collection Systems in any Metro Rail/ LRT / Suburban Rail/ Road transport etc. is essential. Candidates with Metro Rail Project experience will be preferred.

**Sr. No.8: Assistant Manager –Automatic Fare Collection (AFC) – No. of posts 1 (One)** Candidate must be B.E/B.Tech (Electronics /Communications / Computer Science / Electrical) engineering graduate having minimum 3 years post qualification experience, out of which 2 years experience in installation / testing / commissioning / operations of Automatic Fare Collection systems in any Metro Rail/ LRT / Suburban Rail/ Road transport etc. is essential. Candidates with Metro Rail Project experience will be preferred.

**Sr. No.9: Assistant General Manager (Underground – E&M) – No. of posts 1 (One)** Candidate must be a B.E / B. Tech (Electrical / Electrical & Electronics, Mechanical) engineering graduate having minimum 10 years of Post Qualification construction experience, out of which 4 years in Tunnel ventilation, Environment control system and E&M works of Underground Metro Rail Projects.

Shall be responsible for Co-ordination, supervision and interfacing with GEC (General engineer consultant) and DDC. Shall also be responsible for preparation of tender documents & technical specifications, tender evaluation, review of design, site supervision, installations, testing & commissioning of LT panels, DG Sets, laying of LT cables, cable trays, Tunnel ventilation System (TVS), Environment Control System (ECS), BMS, Access control system, LV Distribution, Electrification of Building, Earth Mat, Earth pits etc., for Underground Stations. Interfacing with other departments and review of tender documents, GFC drawings etc. submitted by DDC.

**Sr. No.10: Assistant General Manager (Lift & Escalator) – No. of posts 1 (One)** Candidate must be a B.E / B. Tech (Electrical / Electrical & Electronics, Mechanical) engineering graduate having minimum 10 years of Post Qualification construction experience, out of which 4 years relevant experience pertaining to lift & escalators in Metro Rail Projects.

Shall be responsible for interfacing with Civil and other system Department, preparation of bid documents, technical specifications, coordination, supervision and also interface with GEC (General Engineering Consultant) and DDC. Shall also be responsible for tender evaluation, design review, site supervision, installations, testing & commissioning of Lift and Escalators. Review of tender documents, GFC drawing etc., submitted by DDC.

**Sr. No.11: Senior Manager – Adm. & Logistics – No. of posts 1 (One)** Candidate must be full time Graduate from a recognized university in Science or Commerce with MBA degree (Full Time) having minimum 9 years post qualification experience in administration, management or handling logistics of large organization, out of which he must have worked minimum 5 years as Manager Level or above with large Corporate/ Organization or State PSUs, Corporations / Boards and have hands on experience in general administration & logistics functions of such Company or Organization having minimum 500 manpower.

**Sr. No.12: Manager (E&M – Depot) – No. of posts 1 (One)** Candidate must be a B.E / B. Tech (Electrical / Electrical & Electronics, Mechanical) engineering graduate having minimum 7 years of Post Qualification construction experience, out of which 3 years relevant experience E&M works in Metro elevated stations / Depot..

Shall be responsible for Co-ordination, supervision and interfacing with GEC (General engineer consultant) and DDC in connection with Design / Specification, installations, testing, commissioning and site supervision of LT panels, DG sets, LT cables & cable trays, EOT cranes & compressor systems for workshops, BMS and Access control system, VRF/ VRV air-conditioning system, LV distribution, Electrification of Building, Earth mat and Earth pits, Fire pumps and plumbing pumps, Fire hydrant, Sprinkler and Fire Detection and Alarm, Interfacing with other system Dept. Review of tender documents, GFC drawings etc. submitted by DDC.

**Sr. No.13: Assistant Manager (E&M) – No. of posts 2 (Two)** Candidate must be a B.E / B. Tech (Electrical / Electrical & Electronics, Mechanical) engineering graduate having minimum 3 years of Post Qualification construction experience, out of which 2 years relevant experience E&M works in Metro elevated stations / Depot.. Shall be responsible for Co-ordination, supervision and interfacing with GEC (General engineer consultant) and DDC in connection with Design / Specification, installations, testing, commissioning and site supervision of LT panels, DG sets, LT cables & cable trays, EOT cranes & compressor systems for workshops, BMS and Access control system, VRF/VRV air-conditioning system, LV distribution, Electrification of Building, Earth mat and Earth pits, Fire pumps and plumbing pumps, Fire hydrant, Sprinkler and Fire Detection and Alarm, Interfacing with other system Dept. Review of tender documents, GFC drawings etc. submitted by DDC.

❑ **GENERAL CONDITIONS 1. ON CONTRACT**

- Exceptionally qualified and experienced candidates can be considered for higher position & compensation package.

(અનુસંધાન પાન નં. ૨ ઉપર)

# ભારતીય નૌકાદળ

## શોર્ટ સર્વિસ કમિશન ઓફિસર બનવાની તક

ભારતીય નૌકાદળમાં એક્ઝિક્યૂટીવ બ્રાંચ (જનરલ સર્વિસ/હાઈડ્રો કેડર/સબમરીન) અને ટેકનિકલ બ્રાંચોમાં શોર્ટ સર્વિસ કમિશન ઓફિસર માટે અપરીણિત પુરૂષ ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવામાં આવે છે.

**ઓન લાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૮-૩-૨૦૧૬**

❑ **શૈક્ષણિક લાયકાત :** ઉમેદવાર નીચે દર્શાવેલ પૈકી કોઈ એક શાખામાં બી.ઈ./બી.ટેક થયેલા હોવા જોઈએ.

| ક્રમાંક | બ્રાંચ/સ્પેશ્યાલાઈઝેશન | યોગ્યતા |
|---|---|---|
| (એ) | એક્ઝીક્યુટીવ (જનરલ સર્વિસ/હાઈડ્રો કેડર) | કોઈપણ શાખામાં બી.ઈ. / બી. ટેક. (ઓછામાં ઓછા ૬૦ ટકા સાથે) |
| | **ટેકનિકલ બ્રાંચ (જનરલ સર્વિસ)** | |
| (બી) | એન્જિનિયરીંગ (E) બ્રાંચ | (૧) મિકેનિકલ (૨) મરીન (૩) ઓટોમોટીવ (૪) ઈન્ડસ્ટ્રીયલ એન્ડ પ્રોડકશન (૫) મેટાલર્જી (૬) મિકેટ્રોનિક્સ (૭) એરોનોટીકલ / એરો સ્પેસ (૮) બીએસ મરીન એન્જિ. (ઓછામાં ઓછા ૬૦ ટકા સાથે) |
| (સી) | ઈલેક્ટ્રીકલ (L) બ્રાંચ | (૧) ઈલે. (૨) ઈલેક્ટ્રોનિક્સ (૩) ટેલિ. કોમ્યુ. (૪) ઈન્સ્ટુમેન્ટેશન (૫) ઈન્સ્ટુમેન્ટેશન એન્ડ કંટ્રોલ એન્જિ. (૬) ઈલે. એન્ડ ઈન્સ્ટુમેન્ટેશન (૭) ઈલે. એન્ડ કોમ્પ્યુ. (૮) પાવર એન્જિ. (૯) કંટ્રોલ સિસ્ટમ (૧૦) પાવર ઈલેક્ટ્રોનિક્સ. (ઓછામાં ઓછા ૬૦ ટકા સાથે) |
| | **ટેકનિકલ બ્રાંચ (સબમરીન સ્પેશ્યલાઈઝેશન)** | |
| (ડી) | એન્જિનિયરીંગ બ્રાંચ | (૧) મિકે. (૨) મરીન (૩) ઓટોમોટીવ (૪) મિકેટ્રોનિક્સ (૫) ઈન્ડસ્ટ્રીયલ એન્ડ પ્રોડકશન (૬) મેટાલર્જી (૭) એરોનોટિકલ / એરો સ્પેસ (૮) બીએસ મરીન એન્જિ. (૯) ઈન્સ્ટુમેન્ટેશન (૧૦) ઈન્સ્ટુમેન્ટેશન એન્ડ કંટ્રોલ (૧૧) ઓટોમેશન એન્ડ રોબોટીક્સ (૧૨) ઈન્ડસ્ટ્રીયલ એન્જિ. એન્ડ મેનેજમેન્ટ (૧૩) પ્રોડકશન એન્જિ. (ઓછામાં ઓછા ૫૫ ટકા સાથે) |
| (ઈ) | ઈલેક્ટ્રિકલ બ્રાંચ | (૧) ઈલે. (૨) ઈલેક્ટ્રોનિક્સ (૩) કંટ્રોલ (૪) ટેલિ. કોમ્યુ. (૫) ઈન્સ્ટુમેન્ટેશન (૬) પાવર એન્જિ. (૭) ઈલે. એન્ડ કોમ્પ્યુ. (૮) કંટ્રોલ સિસ્ટમ (૯) પાવર ઈલેક્ટ્રોનિક્સ. (ઓછામાં ઓછા ૫૫ ટકા સાથે) |

❑ **યોગ્યતાનો માપદંડ : વય મર્યાદા :** ઉમેદવારની વય ૧૯ ૧/૨ થી ૨૫ વર્ષની હોવી જોઈએ. એટલે કે, ઉમેદવાર તા. ૨-૧-૧૯૯૨ અને તા. ૧-૭-૧૯૯૭ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

- ઉમેદવારોએ માત્ર એક જ અરજી કરવાની છે.
- જો ઉમેદવાર એકથી વધુ બ્રાંચ માટે યોગ્યતા ધરાવતા હોય તો અરજીમાં તેનો અગ્રતા ક્રમ દર્શાવવો.
- અંતિમ વર્ષની બેઠા હોય તેવા તથા અરજીની તારીખે જરૂરી લાયકાત ન ધરાવતા ઉમેદવારોએ અરજી કરવી નહીં.
- ઉપર ક્રમાંક (બી) અને (સી)માં દર્શાવવામાં આવેલી ટેકનિકલ બ્રાંચના ઉમેદવારોને એર ટેકનિકલ સ્પેશ્યલાઈઝેશન બ્રાંચમાં સંરક્ષણ મંત્રાલયના ઈન્ટિગ્રેટેડ હેડ કવાર્ટર્સ દ્વારા એર ટેકનિકલ ઓફિસર તરીકે પણ નિમણુંક આપી શકાશે.
- ઉમેદવારના શરીરના અંદરના ભાગોમાં છૂંદણા/ટેટુ ચીતરાવેલ હશે તો તે માન્ય ગણાશે, પરંતુ બાહ્ય ભાગમાં ચીતરાવેલા ટેટુ ધરાવનાર ઉમેદવાર ગેરલાયક ગણાશે.

❑ **શારીરિક ધોરણો :** પુરૂષ : ઉમેદવારની ઓછામાં ઓછી ઊંચાઈ ૧૫૭ સે.મી. હોવી જોઈએ. મહિલા : ઉમેદવારની ઓછામાં ઓછી ઊંચાઈ ૧૫૨ સે.મી. હોવી જોઈએ.

❑ **દ્રષ્ટિનું ધોરણ :**

જનરલ સર્વિસ (એક્ઝિ.)/હાઈડ્રો કેડર-૬/૧૨, ૬/૬

સબમરીન (ટેકનિકલ)-૬/૨૪, સુધારેલી ૬/૬

❑ **શોર્ટ સર્વિસ કમિશન :**

- શોર્ટ સર્વિસ કમિશન ૧૨ વર્ષની મુદત માટે છે. વધુ ૧૪ વર્ષ સુધી લંબાવી શકાશે.
- શોર્ટ સર્વિસ કમિશનનો સમયગાળો પૂરો થયા પછી નિયમોનુસાર મળવાપાત્ર ગ્રેજ્યુઈટી સાથે છૂટા કરવામાં આવશે.

❑ **અરજી કેવી રીતે કરવી ?**

ઉમેદવારોએ નૌકાદળની વેબસાઈટ **www.joinindiannavy.gov.in** ઉપર તા. ૮-૩-૨૦૧૬ સુધીમાં ઓન લાઈન અરજી કરવાની છે. એક થી વધુ અરજી કરનારની ઉમેદવારી રદ કરવામાં આવશે. ઓન લાઈન અરજી કર્યા બાદ ઉમેદવારને સિસ્ટમ જનરેટેડ 'એપ્લિકેશન નંબર' મળશે. આ એપ્લિકેશન નંબર પ્રિન્ટ આઉટમાં આપોઆપ છપાઈ જશે. ઉમેદવારોએ સિસ્ટમ જનરેટેડ એપ્લિકેશન નંબરવાળા અરજી ફોર્મની બે નકલ કાઢી લેવી. જે પૈકી એક નકલ સાથે સ્વયં પ્રમાણીત ફોટોગ્રાફ, ધો. ૧૦/૧૨ના પ્રમાણપત્રની નકલ-ગુણપત્રક સાથે, અન્ય શૈક્ષણિક લાયકાતના સેમેસ્ટર/વર્ષવાર ગુણપત્રકની નકલ સાથે રાખી **Post Box No. 04, Chankya Puri PO, New Delhi-110021** ના સરનામે સાદી ટપાલથી **તા. ૧૮-૩-૨૦૧૬** સુધીમાં મોકલી આપવી. બીજી નકલ રેકર્ડ માટે પોતાની પાસે સાચવી રાખવી.

- પ્રિન્ટ આઉટ મોકલવાના કવર પર

"ONLINE APPLICATION NO.____________

APPLICATION FOR SSC (GS/X) SSC (HYDRO), SSC (TECH) SSC (SUB)-JAN 2017 COURSE Qualification _______ Percentage________% NCC 'C' Yes/No.

લખવું

❑ **પસંદગી પદ્ધતિ :**

- ઉમેદવારોએ બી.ઈ./બી.ટેક. ડિગ્રી પરીક્ષામાં કરેલા દેખાવના આધારે સર્વિસ સિલેક્શન બોર્ડ (એસએસબી)ના ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત થવા માટે કોલઅપ આપવામાં આવશે.
- તારવણી બાદ યોગ્ય પસંદગી યાદી પ્રમાણેના ઉમેદવારોને **મે-૨૦૧૬ થી જુલાઈ-૨૦૧૬** દરમિયાન સર્વિસ સિલેકશન બોર્ડ (એસ. એસ. બી.) બેંગ્લોર, ભોપાલ, કોઈમ્બતુર અથવા વિશાખાપટ્ટનમ ખાતે ઈન્ટરવ્યૂ માટે મોકલવામાં આવશે અને ત્યારબાદ શારીરિક પરીક્ષણ કરાશે.
- એસ.એસ.બી. ઈન્ટરવ્યૂનો સમયગાળો પાંચ દિવસનો રહેશે. તે દરમ્યાન બે તબક્કામાં પસંદગી થશે. પ્રથમ દિવસે પ્રથમ તબક્કામાં ઈન્ટેલીજન્સ ટેસ્ટ ચિત્ર સંકેત અને ડિસ્કશન ટેસ્ટ યોજાશે. જે ઉમેદવાર પ્રથમ તબક્કામાં સફળ થવામાં નિષ્ફળ જશે તો તેઓને તે જ દિવસે પરત રવાના કરી દેવાશે. બીજા તબક્કામાં મનોવૈજ્ઞાનિક કસોટીઓ, ગ્રુપ ટેસ્ટીંગ અને પર્સનલ ઈન્ટરવ્યૂ યોજાશે.
- જે ઉમેદવારો પ્રથમવાર એસ. એસ. બી.નું ઈન્ટરવ્યૂ આપતા હોય તેઓને એસી-૩ ટીયરનું પરત જવા માટેનું રેલવે ભાડું મળવાપાત્ર છે.
- જે ઉમેદવારો ઈન્ટરવ્યૂમાં યોગ્યતા પ્રાપ્ત કરશે તેઓની તે જ સ્થળે તબીબી તપાસ કરવામાં આવશે. જે ૩ થી ૫ દિવસ ચાલશે.
- એસ. એસ. બી. દ્વારા ભલામણ કરાયેલા અને તબીબી તપાસમાં યોગ્ય જાહેર થયેલા ઉમેદવારોને ખાલી જગાઓના પ્રમાણમાં મૂળ પ્રમાણપત્રોની ચકાસણી બાદ અને ગુણવત્તા યાદી અનુસાર તાલીમ માટે નિમણૂક આપવામાં આવશે.

❑ **તાલીમ :**

- તાલીમ જાન્યુઆરી-૨૦૧૭માં ઈઝીમાલા, કેરાલા ખાતે શરૂ થશે.
- ઉમેદવારોને સબ-લેફ્ટેનન્ટ ઑફિસર કક્ષામાં મૂકવામાં આવશે. તેમણે ૨૨ અને ૪૪ સપ્તાહનો નેવલ ઓરિયેન્ટેશન કોર્સ, નેવલ એકેડેમી, ઈઝીમાલા, કેરાલા ખાતે કરવો પડશે. ત્યારબાદ નેવલ ટ્રેનિંગ એસ્ટાબ્લિસમેન્ટ /શિપ/યુનિટ ખાતે વ્યવસાયિક તાલીમ લેવાની રહેશે.
- માત્ર અપરીણિત ઉમેદવારો જ તાલીમને પાત્ર ઠરશે. જો કોઈ ઉમેદવાર પરણિત હશે કે તાલીમ દરમિયાન લગ્ન કરશે તો તેઓને તાલીમમાંથી છૂટા કરવામાં આવશે અને તાલીમ દરમિયાન તેઓના માટે સરકારે ભોગવેલો તમામ ખર્ચ તેઓના પગાર સહિત તમામ રકમ ઉમેદવારોએ ભરપાઈ કરવાની રહેશે.

❑ **પગાર અને અન્ય ભથ્થા :** ઉમેદવારને સબ લેફ્ટેનન્ટથી કમાન્ડર સુધીની રેંકમાં બઢતી મળી શકે છે. સબ લેફ્ટેનન્ટની રેંકમાં પ્રારંભમાં રૂા. ૧૫,૬૦૦-૩૯૧૦૦ + રૂા. ૫૪૦૦ ગ્રેડ પે + રૂા. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે મળવાપાત્ર છે.

♦ **અન્ય ભથ્થાં :**

- મોંઘવારી ભથ્થું, સીસીએ, ઉપરાંત કેડર મુજબ અન્ય ભથ્થા અને નાણાંકીય લાભ મળી શકે છે.
- ઑફિસરને વાર્ષિક ૬૦ દિવસની રજા, ૨૦ દિવસની કેજ્યુઅલ, લીવ (સી.એલ.), લીવ ટ્રાવેલ કન્સેશન (પ્રવાસ રાહત ભથ્થું), પોતાની તથા કુટુંબની અને તેમના પર આધારિત માતાપિતાની વિનામૂલ્યે તબીબી સેવાઓ, કેન્ટીનની સવલતો, ગ્રુપ વિમો રૂા. ૫૭ લાખ અને અન્ય રાહતો પ્રાપ્ત થશે.

❑ **સાહસિક રમતો :**

ભારતીય નૌકાદળ તમારી પસંદગીની રમતગમતની સવલત પૂરી પાડે છે. જેવી કે, સ્કવોશથી સ્વીમિંગ, ઘોડે સવારીથી ગોલ્ફ, આ ઉપરાંત પર્વતારોહણ, રિવર રાફટિંગ, હોટ એર બલૂનિંગ, હેંગ ગ્લાઈડિંગ, વિન્ડ સર્ફિંગ વગેરે રમતો માટેની સવલત પૂરી પાડે છે. જેમાં ભાગ લઈ શકાય છે અને શીખી શકાય છે.

❑ **અગત્યની સૂચનાઓ :**

- કોઈપણ કારણ દર્શાવ્યા વિના અરજીઓનો તારવણી કરવાનો નેવલ હેડકવાર્ટર્સનો અધિકાર અબાધિત રહેશે. આ અંગે કોઈ પત્રવ્યવહાર કરાશે નહીં.
- ઈન્ટરવ્યૂ માટે S.S.B. સેન્ટર બદલવાની પરવાનગી કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહિ.
- આ જાહેરાતની શરતો ફેરફારને આધીન રહેશે અને તેથી આ શરતોને માર્ગદર્શક સૂચનાઓ ગણવી.
- ઉમેદવાર એકથી વધુ કેડર માટે શૈક્ષણિક યોગ્યતા ધરાવતા હોય તો પણ એક જ ઓનલાઈન અરજી કરવાની છે. આ અંગે કેડરની પ્રાયોરીટી ઓનલાઈન અરજી વખતે સબંધીત કોલમમાં જણાવવાની રહેશે.
- એક કરતાં વધુ અરજી મોકલતા ઉમેદવારો ગેરલાયક ગણાશે.

❑ **શારીરિક યોગ્યતા :**

નેવલ એકેડેમીમાં તમારો અભ્યાસક્રમ શારીરિક બાબતોને સ્પર્શનારો હોઈ, તે માટે તમારી જાતને શારીરિક રીતે તાલીમ, દોડ અને રમતો વગેરે દ્વારા સુસજ્જ રાખો, જેથી કરી તમને ઉચ્ચ કક્ષાની શારીરિક તાલીમમાં કોઈ મુશ્કેલી ન પડે.

વેબસાઈટ : **www.joinindiannavy.gov.in** ●

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.